# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




કરૂણાંતિકામાંથી કમાઇ લેવાની ભાવના જુઠ્ઠી!
તો કોઇની બેનંબરી આવકની શ્રદ્ધા પર બુઠ્ઠી!
રૂઠી કુદરત એટલે જ આવાં ધતિંગો જોઇને -
સત્તાના નશામાં હતી ચકચૂર, સરકાર ઉઠ્ઠી!!

**હાઇકુ**

.. અને હજારો -
જિંદગી થૈ લાપત્તા -
વહીવટમાં

આંખ મીંચીને,
બેફામ વિકાસનું -
આ પરિણામ!

(ઉત્તરાખંડ પ્રવાસ નિગમ)

## ચિંતન

**અકરૂણત્વમ કારણ વિગ્રહ પરધને પચ્ચોષિતિ ચ સ્પૃહા ।**
**સ્વજન બંધુજનેષ્વ સહિષ્ણુતા પ્રકૃતિ સિદ્ધિમિદં હિ દુરાત્મનામ્ ॥**

'નિર્દયતા, કારણ વિનાનો કંકાસ, લડાઇ-ઝઘડા કરવા, પરધનમાં અને પરસ્ત્રીમાં સ્પૃહા રાખવી સજ્જનો અને બાંધવો પ્રત્યે અસહિષ્ણુતા રાખવી, ખરેખર આટલા દુર્ગુણો દુર્જનોને માટે સ્વભાવ સિદ્ધ છે.'

આ શ્લોકમાં દુર્જનોના સ્વભાવગત દોષ દર્શાવવામાં આવ્યા છે :

નિર્દયતા : દુર્જનમાં દયાોન છાંટો ય હોતો નથી પૈસા-ખંડણી માટે નાનાં બાળકોના અપહરણ કરે, તેના હૃદયનો કકળાટ બેરહેમ થઇ જોયા કરે, તેનાં ડૂસકાંનો ઉપયોગ કરી મા-બાપને પણ રિબાવે, ખંડણી ન મળે તો બાળકની હત્યા પણ કરી નાખે.

કંકાસ : દુર્જન લોકોમાં સહન શક્તિ કે ક્ષમાભાવ હોતા નથી. વાતે-વાતે ઉશ્કેરાટ-ક્રોધ અને અહમના ટકરાવ સાથે કાયમ કજીયા-કંકાસમાં જ રહેતા હોય છે.

પરધન : દુર્જનો પરિશ્રમ અને પુરૂષાર્થમાં ઓછો વિશ્વાસ ધરાવે છે તેમનો સ્વભાવ પરધન પડાવી લઇ ઓછી મહેનતે સાહ્યબી ભોગવવાનો છે.

પરસ્ત્રી : દુર્જનો ચારિત્ર્યહીન હોય છે એમની નજરમાં દુરાચાર અને વાસનાભરી સાપણ ફૂંફાડા મારતી હોય છે.

## સુવિચાર

- જો તમારૂં હૈયું જ્વાળામુખી હોય તો તે તમારા હાથમાં પુષ્પો પાંગરે એવી અપેક્ષા રાખી શકો? **- ખલીલ જીબ્રાન**
- ફૂટપટ્ટી અને વજનકાંટાની શોધ પ્રેમ અને લાગણી માટે નથી, બધું જ માપનારા સરવાળે કંઇ પામી શકતા નથી **- ઇરાની કહેવત**
- રાત્રે હસીને ન સૂઇએ તો સવાર ઉદાસ જ ઉગવાની છે **- ચેખોવ**
- હસવાનું નાટક કરવું એ પણ એક પાપ છે, હસશો નહીં તો ચહેરા ઉપર પણ કાટ લાગી જશે **- સ્પેનીશ કહેવત**
- તમે જેને પ્રેમ કરતાં હોવ અને પ્રેમ કરવાનો એકેય મોકો ન ચૂકો, કમનસીબી એ છે કે માણસ નફરત કરવા માટે રાહ જોતો નથી, અને પ્રેમ કરવા માટે મોકો શોધે છે **- ફાધર વર્ગીસ**
- શિષ્યત્વનો અર્થ છે - શ્રધ્ધા!! પ્રચંડ પ્રેમ અને સમર્પિત થવાનું સાહસ- **ગોવિંદ રાનડે**

## બોધ કથા

ખોટા નિર્ણયોની સજા માણસ જિંદગીભર ભોગવે છે અને એની પરાકાષ્ઠા એને આત્મહત્યા સુધી પણ લઇ જાય છે, વળી ખોટા નિર્ણયની સાથે લોભ-લાલચ-ઉશ્કેરાટ ભળે ત્યારે ગુન્હો થઇ જાય અને જેલ સુધી લઇ જાય છે.

એક સંત હતા. પોતાના આશ્રમમાં તો સત્સંગ-સભા સવારે ચલાવતા અને સાંજે જેલનાં કેદીઓ પાસે જઇ ત્યાં ધાર્મિક કથાઓ સાથે બોધ આપતા હતા.

એક ખૂની કેદીએ સંતને પૂછ્યું, આશ્રમ જેવું પવિત્ર વાતાવરણ છોડી તમે જેલમાં શા માટે આવો છો?

સંત કહે, જિંદગીના બે તથ્ય છે એક આશ્રમ અને બીજું જેલ. જિંદગીના આદર્શ અને સાચી શાંતી સાથે શું - કેમ રહેવું - કરવું એ આશ્રમમાં શિખવા મળે છે, શું ન કરવું એ જેલમાં જાણવા મળે છે!

એક કેદીએ પૂછ્યું - શું અમને જેલની સજા કરવાથી અમે સંત-મહાત્મા થઇને બહાર નીકળશું?


સંત કહે - જો ગુન્હેગારમાં થોડી પણ સમજ અને સંસ્કાર હોય તો સજા સાથે પશ્ચાતાપ થાય છે અને પોતાના ખોટા ઉશ્કેરાટ-ગુસ્સા-લોભ-લાલચથી કરેલા ખોટા નિર્ણયની સમજ પડે છે અને એનો આત્મા શુદ્ધ થઇ નીકળે છે. ખોટા નિર્ણય લેનારા ઘણા લોકો સંસારરૂપી જેલમાં પણ સજા ભોગવતાં હોય છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# બાળકો માટેનાં બાળકો ભજવી શકે તેવાં નાટકો

જીવન એક રંગમંચ છે તેના પર દરેકે જીવન જુદી જુદી રીતે પોતાનો રોલ ભજવવાનો હોય છે. તેથી મોટેરાંઓ તો આ કલામાં પારંગત હોય જ છે. હાં, સ્ટેજ પર ભજવાતાં નાટક માટે અભિનયકળાના પાઠ શીખવા આવશ્યક હોય એવું બને! તે માટે ગાંધીનગરમાં ગઇ કાલે જ એક નાટ્યશાળા શરૂ થઇ. કલ્ચરલ ફોરમ દ્વારા શરૂ થયેલ 'કલ્ચરલ સ્કૂલ ઓફ એક્ટીંગ' માં યુવાવર્ગની સાથે બાળકો પણ જોડાયા છે. ત્યારે આજે મારે તમને બાળકો માટેનાં બાળ નાટકોની જ વાત કરવી છે.

આજે બાળકો માટે ઘણું બધું લખાય છે. પૌરાણિક વાર્તાઓ, ઐતિહાસિક કથાઓ, પંચતંત્ર, હિતોપદેશ, જાતક કથાઓ, જીવન ચરિત્રો વગેરે વિષયો પર વારંવાર જુદા જુદા લેખખોએ લખ્યું છે. છપાયું છે, વંચાયું છે. પણ બાળ સાહિત્યમાં મૌખિક સર્જન ખાસ થતું નથી. એમાંય વળી બાળ નાટકોની તો વાત જ શી કરવી? છતાંય આકાશવાળી, ટી.વી.ના કાર્યક્રમો તથા શાળાનાં વાર્ષિકોત્સવ જેવા પ્રસંગોએ બાળ નાટકોની જરૂર પડે છે. પણ બાળ નાટકો મળે કયાં?




ગુજરાતમાં 'ચિલ્ડ્રન થિયેટર'ની હવા હજી જોઇએ તેવી જામતી નથી. આમ તો બાળકો માટે કાર્ય કરતી ઘણી સંસ્થાઓ પણ છે એ બધી કંઇ બાળનાટ્ય પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ નથી. વળી નાટક પ્રવૃત્તિમાં બાળકોને રસ લેતાં કરનાર જાગ્રત વાલી વર્ગની આપણે ત્યાં અછત છે. જે પ્રવૃત્તિ બાળકની સ્વતંદ્ અભિવ્યક્તિને સોળે કળાએ ખીલવે છે. તેનું મહત્ત્વ આજે પણ મા-બાપને અને શાલાઓ જેવી સંસ્થાઓને સમજાતું નથી. ઘણી વખત વાર્ષિકોત્સવ પ્રસંગે ભજવવા માટે શિક્ષકો બાળકો પાસે નાટકો તૈયાર કરાવતા હોય ત્યારે વાલીઓની એ ફરિયાદ રહે છે 'તમે બાળ નાટક પાછળ મહિનો માસ વેડફી રિહર્સલો કરાવો છો તે પછી એ નાટકના એકાદ બે શો યોજાય ને પછી વાત પુરી. આમાં બાળકની કલાનો વિકાસ કયાં અને કેવી રીતે થાય? વ્યર્થ વેપલો જ ને? વાલીઓનો આ બળાપો આમ જુઓ તો સાચો પણ છે. આજે બાળ નાટકો માટે પ્રેક્ષકો પણ કયાં છે? બાળ નાટ્યમહોત્સવ કે બાળ નાટ્ય સ્પર્ધા વખતે પણ એવું જોવામાં આવે છે કે પોતાનું નાટક પુરૂં થતાં જ વાલી પરાણે બાળકને ઘરે તાણી જાય છે. ઘણીવાર તો ઇનામની જાહેરાત વખતે સ્ટેજ પર એ બાળ કલાકાર ઇનામ લેવા પર હાજર હોતો નથી. આવી વિષમ પરિસ્થિતિમાં પણ જે સંસ્થાઓ બાળકો માટે કંઇક પણ યોગદાન આપે છે તે ધન્યવાદને પાત્ર છે.'

**શબ્દ સમીપે**

**- નટવર હેડાઉ**

**ગાંધીનગરમાં ગઇ કાલે જ એક નાટ્યશાળા શરૂ થઇ, કલ્ચરલ ફોરમ દ્વારા શરૂ થયેલ 'કલ્ચરલ સ્કૂલ ઓફ એક્ટીંગ' માં યુવાવર્ગની સાથે બાળકો પણ જોડાયા છે**

'વારતા વારતા રમીએ' (બાળ નાટ્ય સંગ્રહ) છે તેમાં કુલ પાંચ નાટકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૧) મૂરખાઓની શોધમાં, (૨) વારતા વારતા રમીએ (૩) સાચનું ઇનામ (૪) કુંવરીની માળા અને (૫) નાના હાથે ન્યારૂં કામ.

આ નાટ્ય સંગ્રહને નાટ્યક્ષેત્રનાં આદરણીય લેખ પ્રાગજી ડોસાની પ્રસ્તાવના પ્રાપ્ત થઇ છે. નાટક શરૂ થતાં પહેલાં વાગતી ત્રીજી ઘંટડીની વાતનો ઉલ્લેખ કરી પડદો ઉઘડે તે પહેલાં પુસ્તકમાં સંગ્રહાયેલ એકાંકીઓ વિષે તેમણે સુંદર છણાવટ કરી છે. બાળ માનસનો ઝીણવટ ભર્યો અભ્યાસ કર્યા પછી જ એ શક્ય બને છે. જે લેખકે હસ્તગત કરી છે.

પુસ્તકનું નામ જે નાટક પરથી અપાયું છે તે 'વારતા વારતા રમીએ' એમાં પ્રાગજીભાઇના મતે બાળ સાહિત્યના ભીષ્મ પિતામહ સ્વ. ગિજુભાઇ બધેકાની એક વાર્તાની અસર જોવા મળે છે. આ એકાંકીને ફેન્ટસી કહી શકાય. તેમાં પશુપંખીઓ બાળકો સાથે બોલે છે. નાચે છે. બાળકોને પશુપંખીઓનું અનુકરણ કરવું, એમની ચાલ, એમનો સ્વભાવ, એમની ખાસિયતો પ્રમાણે વર્તવું ગમે છે. એટલું જ નહીં પરંતુ એમાં અભિનયની આવડતની કસોટી થાય છે. કોઇ કુશળ દિગ્દર્શક જ એમને એ બનાવી 'મુરખાઓની શોધમાં' નાટકમાં બાદશાહ અકબર, બીરબલ એના ઇર્ષાખોર દરબારીઓના કહેવાથી નવ મૂરખાઓની શોધમાં મોકલે છે. બીરબલજી દિલ્હીની શેરીમાંથી પસાર થતા હોય છે ત્યારે એક જાડિયાને ઘોડા પર બેઠેલો જુએ છે. તેણે પોતાના માથા પર ઘાસનો ભારો મૂક્યો હોય છે. બીરબલ તેને પુછે છે કે 'તમે ઘોડા પર ને ભારો તમારા માથા પર?' ત્યારે પેલા ઘોડેસવારે જવાબ આપ્યો, 'તમેય બાપુડી કેવા મૂરખ માણસ છો. જોતા નથી આ મારો ટટુ જેવો ઘોડો કેટલો દુબળો પતલો છે. ને હું છું જાડિયો. ઘોડા ઉપર વધુ વજન ન લાદવા માટે ભારો મેં માથા પર મૂક્યો છે.' આવું સાંભળતા જ બાળકો હસી પડે છે અને તેમને ખુબ મજા પડે છે.

'સાચનું ઇનામ' નાટકમાં હાસ્યનાં ટૂચકાઓ સાથે રહસ્ય વણાયેલું છે કે મહેશની ગુજરાતીની ચોપડી કોણે લીધી. પહેલાં દૃશ્યને અંતે જો લેખકે ચોખવટ ન કરી હોય તો રહસ્યની માત્રા વધી જાત. ગાંધી બાપુના બાળપણની વાત અને ચોરીની કબૂલાત આ એકાંકીને અનુરૂપ છે. કારણ બાપુ સત્યને જ ઇશ્વર માનતા.

'કુંવરીની માળા' એ નાટક રૂપે પરીકથા છે. પાંચથી સાત વર્ષના બાળકોને ગમશે કારણ કે એમાં નક્કર વસ્તુત સાથે નૃત્ય પણ છે. પાર્શ્વ સંગીતનો પણ પુરો અવકાશ છે. એકાંકીનો મૂળ હેતુ બાળકોને સૂચન કરે છે પશુ પંખી તરફ પણ પ્રેમ કરો. બાળ હઠ પણ બતાવી છે કે માળા ન જડવાથી કુંવરી ભોજન લેવાની પણ ના પાડે છે. બાળકોના મનોભાવો એ છતું કરે છે.

'નાના હાથે ન્યારૂં કામ' પાંચમું અને છેલ્લું નાટક છે. નાની બાળ મોના ચોરને એના જ ચોકલેટના શસ્ત્રથી મહાત કરે છે. તેની નાટકાત્મક વાત છે.બાળ નાટકમાં અભિનય ક્ષમતા ગતિ (Action) નું બહુ મહત્ત્વ છે. ગતિ ન હોય અને માત્ર વાતો કે ઉપદેશોની ભરમાર હોય તો બાળપ્રેક્ષકો કંટાળી જાય છે. આ એકાંકીમાં પ્રસંગ ગુંથણી પણ બાળકોના મનને જકડી રાખે તેવી થઇ છે. સામાન્ય રીતે બાળકોને વાર્તાઓ ગમતી હોય છે ત્યારે નાટ્ય પણ વાર્તા ઉપર રચાયેલું હોય તેમાં બાળકોનું અનુભવ જગત ભલે નાનું હોય પણ એમની કલ્પના વિશાળ હોય છે. તારાઓ અને પરીઓ પ્રદેશમાં ફરી વળે છે. કંઇક નવું જાણવા બાળક તલસતું હોય છે. એ બધાનો વિચાર કરી લેખકે એકાંકીઓનાં શીર્ષકો કુતૂહલ પ્રેરક અને જિજ્ઞાસા વૃત્તિને ઉત્તેજીત કરે તેવાં આપી સફળ નાટ્ય લેખક તરીકે પોતાનું આગવું સ્થાન ઊભું કર્યું છે.

'વારતા વારતા રમીએ' ના લેખક નટવર પટેલનો જન્મ કાસવા. તા. કડી ખાતે થયેલો છે. બી.એસ.સી., બી.એડ. સુધીનો અભ્યાસ ધરાવતા લેખક એચ.કે. પ્રા ટ્રેનિંગ કોલેજ અમદાવાદના નિવૃત્ત અધ્યાપક છે. ગિજુભાઇ બધેકા એવોર્ડ ઉપરાંત ગુ.સા. અકાદમી ગાંધીનગર અને ગુજરાતી સાહિત્ય પરિષદનાં ઘણાં પારિતોષિકો તેમણે મેળવ્યા છે. બાળવાર્તાઓ, બાળ કાવ્યો, 'અચાનક આવેલો વરસાદ' લઘુકથા સંગ્રહ તેમજ 'પાંત્રીસ સામાજિક વાર્તાઓ' નામે વાર્તા સંગ્રહ પણ આપ્યો છે. શિલ્પન કથા સર્જન સંસ્થાના સંચાલક એવા વરિષ્ઠ બાળ સાહિત્યકાર દ્વારા આવા સુંદર નાટકો આપવા બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે. પરંતુ આજના યુગના બાળક માટે વિજ્ઞાન કથા પર આધારીત નાટકો મળે તે અપેક્ષિત છે.

**વારતા વારતા રમીએ (બાળ નાટ્ય સંગ્રહ) - લેખક : નટવર પટેલ**
**પ્રકાશક : અવનિકા પ્રકાશન, ૪૧૯/એ, સર્વોદય કોમર્સિયલ સેન્ટર ચોથે માળે, જીપીઓ પાસે, અમદાવાદ-૧**
**કિંમત : રૂા. ૭૫/-, દ્વિતીય આવૃત્તિ : ૨૦૧૩, પૃષ્ટ -૮૮**

# ગન નહીં એક ફોટો, નવો... તાજો... તારી વૃદ્ધાવસ્થાનો... પૂજા, અર્ચન અર્થે.... રીકવેસ્ટ કરૂં છું એક તાજેતરનો ફોટો... તાત્કાલિક

**ધૂપસળી ધૂણાવે આકાશ**

**- ગિરા પિનાકીન ભટ્ટ**

## મંગાવી આપું દાઉદનો... તાજેતરનો ફોટો...?

(હાસ્ય કટાક્ષિકા)

હેલ્લો... હેલ્લો... યાર દાઉદ, હવે નવા ફોટા મોકલ. ત્રીસ-ત્રીસ વરસથી એકના એક ફોટા જોઇ અમે કંટાળી ગયા છીએ. વળી એકની એક વાત કેટલી વખત કહેવાની? તું કરોડોમાં રમે છે, બહુ મોટું છે તારૂં સામ્રાજ્ય અને એક નવો ફોટો નથી પડાવતો? ભારે કંજૂસ હોં યાર?

જો... બધું અહીં જ અહીં છોડીને જવાનું છે... અબજોમાંથી એક પચાસ રૂપિયા નથી ખરચી શકતો...? પચાસ રૂપિયામાં તો સીતેર કોપી ગાંધીનગરની સ્ટુડિયોય કાઢી આપે છે... તને તારી મારી વાત કંઇ સંભળાય છે? સમજાય છે...?

હવે તું ય ઘરડો થ્યો હોઇશ. તારા છોકરાંનાં છોકરાં સીગારેટ પીતાં ફોટો પડાવે એ શોભે... યાર! તને... તને એ શોભે છે...? મિત્રતાના દાવા સાથે મોકલી આપું છું કે લે પચાસ રૂપિયા.. આજે... આજે અબઘડી બીજો ફોટો પડાવી લે.

બીજી ખાસ વાત. તું અહીંની પોલીસને બનાવે છે, બગાડે છે, સુધારે છે, સમજાવે છે, પટાવે છે, શું છે યાર! કંઇક તો ફોડ પાડ. તું કરાચીમાં લીલાલ્હેર કરે છે ને અહીંના પોલીસો ગણિત ભૂલી ગયા લાગે છે. હેલ્મેટ વિનાના બાઇકવાળા પાસે બે મીંડાવાળી નોટ માગે છે. સાંભળ્યું છે કે ... કોઇકે દસની નોટ ધરી ત્યારે બોલ્યા પોલીસવાળો કે હવે મીંડાવાળી નોટ કાઢ. વળી ગાડીમાં ડ્રાઇવર સીટે બેસી બેલ્ટ ન બાંધીએ તો દાંડીયાત્રાવાળી... બોલ, એટલેથી પણ અટક્તા નથી, નફ્ફટાઇની હદ તો જો... આંખો લાલચોળ ને ભવા ચઢાવી કે' છે.. નોટ કાઢે છે કે લઉં બાપુડી લાકડી? બોલ આ અંગે તારે કંઇ કહેવું છે?

અહીં સો-નીને પાંચસોની નોટ ખુલ્લેઆમ પોલીસો ખંડણી માંગે છે ને? તું આમ અબજોનો માલિક છતાં... પચાસ રૂપિયા નથી ખરચી શકતો...?

અમારા પોલીસવાળાઓ સારા તારા કરતાં તો... એક ધનવાનનું ખોવાયેલું કૂતરૂં શોધી આપે અને છાપામાં ફોટા સાથે આવે. જયારે તું... એના ય જ ફોટા.

આજે નેટવર્કમાં વાચ્યું કે... દાઉદનાં 'બાપા' જેવો ઓસામા બિન લાદેન... તે હેં અલ્યા મૂરખ...! વતનની સાથે સાથે બાપ પણ બદલી નાખ્યો...? તારા પિતાનું નામ જો હું ના ભૂલતી હોઉં તો ઇબ્રાહીમ ચાચા ને આ દાઉદ? કંઇક બોલ યાર... કંઇક મોં ખોલ... આવી પોલમપોલ ચલાવી લેવાય?

કરાંચીમાં કેમનું ચાલે છે? અહીં ભારતમાં તો કંઇ પણ ભાગે, તૂટે તો તારૂં નામ જ આવી જાય... 'છીંડે ચડ્યો એ ચોર...' બાકી બધાં જ શાહુકાર... તું સમજ્યો ને? અહીં રમતોમાં હારે, રૂપિયાની કિંમત ઘટે, સોના-ચાંદીના ભાવો વધે-ઘટે કે મોંઘવારી વધે - અહીં મોંઘવારી 'ઘટે' - એ શબ્દ ઉપર પ્રતિબંધ છે. એ ન ઘટે એ તને જણાવી દઉં. બાકી, આખું અર્થતંત્ર તું ડહોળી નાખે... કેટલું વ્યાજબી છે...? પાકિસ્તાનમાં રહી પાકિસ્તાનની સેવા નથી કરતો... ત્યાં બેઠો બેઠો ભારતની સેવા? અલ્યા... અમારે તો ઘેર બેઠાં - બેઠાં તારૂં નામ દીધે રાખવાનું... બાકી, એક સાવ સાચી વાત કહું. ઘરમાં માટલું વિછળતાં ભાગી જાય તો તોય સાસુ-વહુને કે' છે કે તે ભાગ્યું? ને વહુ ડરની મારી કાંપે ને ડોકું ધૂણાવી ના કહે તો ટીવી જોતો એના સસરાને એનો ઘરવાળો બોલી ઊઠે છે...'એ... માટલું દાઉદે ભાગ્યું છે, દાઉડે ફોડયું છે...' એમ તને ઘેર-ઘેર ને ઠેર-ઠેર યાદ કરાય છે. માટલાંય દાઉડ ફોડે, ભાગે-બહુ મોટી નામના મળી કહેવાય હો...

અત્યારે અષાઢ મહિનો ચાલે છે, પછી શ્રાવણ આવશે. આ બાળાઓની ગોર્યો ને જયા-પાર્વતી વ્રતમાં છોકરીઓને ખવડાવવું શું? બધુંય મોંઘુ... ફ્રૂટ્સ ને ડ્રાયફ્રૂટ્સ... તે ડ્રાયફ્રૂટ્સ ઇંટોના સ્થાને મૂકી બંગલાયો ચણ્યો છે કે... અહીં રાજકારણમાં બેઠેલા આવી વાતોય કરે ... ચણ ભણ કંઇ આવું સાંભળવા મળે છે... તું સમજી જા. ઘરડો થઇ ગયો હોઇશ... કૃષ્ણની બાળલીલા માત્ર આઠમે, શિવજી શ્રાવણ માસે, ગોરમા પાંચ દિવસ, નવરાત્રી નવ દા'ડા ને આ દાઉદ... બારે માસ! ઓહ! બોલ્યું પાછળથી હેં...'બદમાસ' એવું ન બોલાય, અલ્યા તું કોને બદમાસ કે' છે? ચૂપ મર? જામફ્ળ જેવા... હમણાં ગોળીના ભડાકે દેશે... બદમાસ તો તું, તારૂં ખાનદાન... મિત્ર વર્તુળ... સાલા હરામખોર!

એકે'ક પોલીસવાળા ને 'એક'ક રાજાકરણી, આ અભિનેતાને, અભિનેત્રીઓ બધાં દાઉદના સગલાઓ છે... તારી વાત પહોંચી જ ગઇ સમજો... ચૂપ મરજે, અહીં તો... ભારત મારો દેશ' પણ... બધાયની દાનત ખોરા ટોપરા જેવી... એટલે જ તો પેલી કહેવત છે જૂની ને જાણીતી...'ભીંત ને ય કાન હોય છે હોં... માગી લે માફી. સોરી થી નહીં ચાલે, પકડ કાન! ઝૂકાવ માથું, કર દંડવત... મૂરખના જામ...'જામ' કયાંથી આવ્યો? અને એય પબ્લિકના ભાગે? જામફળ જેવા, એ દાઉદને તો માનથી બોલજો હોં... નહીંતર એક ભડાકે જામફળના બીયેલી જુદા... કંઇ ક નહીં બચે... બચશે માત્ર બોલ બચ્ચન બોલ, ને જામફળ જેવા તારી ખૂલી જશે પોલ...

સાનમાં સમજી જવાની કાબેલિયત અહીં સહુ ધરાવે છે... પહેલાં જેવા માણસો રહ્યા નથી. એણે માફી માગી લીધી... મહારાષ્ટ્રના મુંબઇમાં ગોળ-દેવળ નામના લત્તા પાસે આવેલા ભીંડી બજારની માનતા માની છે, ને મહિને મહિને પુરી કરે છે. બાકી... બીજા નવીન નથી...

'હેં...શું...? બધા જ ફોન બંધ છે?' હું ય મૂરખ છું સાવ, સામે વાળાનો કોઇ પ્રતિભાવ ન મળ્યો તોય ચાલુ જ રાખ્યું...? સઘળું વહીંગ્યું વરસાદમાં... યાર નો પ્રોબ્લેમ... સંજુબાબાના એક ફોટા સાથે એસ.એમ.એસ. કરૂં છું... ગન નહીં એક ફોટો, નવો... તાજો... તારી વૃદ્ધાવસ્થાનો... પૂજા, અર્ચન અર્થે.... રીકવેસ્ટ કરૂં છું એક તાજેતરનો ફોટો... તાત્કાલિક.

# પુરૂષની સરખામણીએ સ્ત્રી ૪૦ ટકા વધુ મહેનત કરે છે? સ્ત્રી ઘરનાં - પરિવારનાં કામો પાછળ અઠવાડિયે ઓછામાં ઓછાં ૭૨ કલાક ગાળે છે, જયારે પુરૂષ નોકરી-ધંધો જે કાંઇ કરતો હોય ત્યાં અઠવાડિયે ૫૩ કલાક કામ કરે છે

**હું રસ્તે રઝળતી વારતા**

**- અચના પટેલ**

ગુજરાતીમાં કહેવત છે કે છોકરીઓ તો માના પેટમાંથી જ શાણપણ શીખી લાવે છે. શાણપણ શીખવવું તો પડે છે છોકરાઓને. અને એ પણ બધા શીખી નથી શકતા?

આપણે સતત જોઇએ છીએ કે માતાને કે પિતાને એનાં કામમાં મદદ કરતા છોકરાઓ આપમેળે તૈયાર થાય છે. જયારે છોકરાઓ તો વિનવવા છતાં ભાગ્યે જ મદદરૂપ બને છે. વળી, પરિવાર કયારેક આર્થિક ભીડમાં હોય ત્યારે દીકરીઓને સાદગી શીખવવી નથી પડતી, જયારે છોકરાઓ સંપન્ન અવસ્થાની કેટલીક ટેવો ભૂલી નથી શકતા. એટલે કે દીકરીઓ હાલતની સમજણ આપોઆપ જ કેળવી લે છે, જયારે છોકરાઓ ઘણી વાર સમજાવતા છતાં નથી સમજતા. મહાન જર્મન લેખક ગુંટર ગ્રાસે એક નવલકથા લખી હતી, જે કદી 'મોટા' ન થવા માગતા આદમીની હતી. એ માણસ ઉંમરમાં મોટો થવા છતાં સમજણમાં અને વ્યવહારમાં બાલિશ રહે છે.

હવે વિજ્ઞાનઓ દીર્ઘ અભ્યાસ કરીને જણાવે છે કે સ્ત્રીઓ 'પ્રૌઢ' છતાં માત્ર ૩૨ વર્ષ લાગે છે અને પુરૂષને ૪૩ વર્ષ લાગે છે. અલબત્ત આ આંકડા સરેરાશ સૂચવે છે. કોઇક વીસ વર્ષમાં જે પ્રૌઢપણુ પ્રાપ્ત કરી લે અને કોઇક પુરૂષ સાઠ વર્ષે પણ અપ્રૌઢ રહે એમ બને.

અભ્યાસ દરમિયાન દસમાંથી આઠ સ્ત્રીઓએ પોતાના અનુભવ વર્ણવતા જણાવ્યું કે પુરૂષોનું બાલિશપણુ કદી ખતમ થતું નથી. એમને અડધી રાતેય ખાવા જોઇએ છે અને સતત વીડીયો ગેમ રમ્યા કરે છે. મોટરગાડી ચલાવતાં તેઓ બાળકની જેમ જ અન્ય ચાલકોની સાથે કારણ વગર સ્પર્ધા કરે છે. કેટલીક સ્ત્રીઓએ જણાવ્યું કે પોતે કોઇકને 'પુખ્ત' સમજીને પ્રેમ કરવા માંડેલો, પરંતુ એનું બાલિશપણુ જોઇને એને છોડી દીધેલો! કેટલીક સ્ત્રીઓએ જણાવ્યું કે એમનાં પતિ માટે પોતે પ્રેમિકા અને પત્ની ઉપરાંત માતાની ભૂમિકા પણ ભજવવી પડતી હતી! અરે, પ્રેમ, સંબંધ, પરિવાર અંગેનાં ઘણાંખરાં નિર્ણયો પણ પોતે કરવા પડતા હતા.

અરેરે! પુરૂષો કયારે 'પુખ્ત' થતા શીખશે?

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે સ્ત્રીના કરતાં પુરૂષ વધારે મહેનતું હોય છે. તે દોડાદોડ કરતો કારખાને કે ખેતરે કે ઓફિસે જાય છે. નાણાં એ કમાય છે. કામકાજને સ્થળે અને અન્યત્ર એ કપરી સ્પર્ધાનો સામનો કરે છે. વાસ્તવમાં એ ઘરનો 'મોભી' અને 'અન્નદાતા' ગણાય છે.

પુરૂષપ્રધાન સમાજમાં પુરૂષોએ પોતાના મહેનતુપણાની, પરસેવો પાડવાની, જોખમો ઉઠાવવાની કામગીરીથી એટલી બધી પ્રશંસા કરી હોય છે કે ખુદ સ્ત્રીઓ પણ એવું માની બેઠી છે કે 'કામ' તો પુરૂષ કરે છે. આપણે શું કરી નાખીએ છીએ!

કૃષિ સંસ્કૃતિના પુરૂષે પોતાના મહિમાની જે અને કલ્પકથાઓ રચેલી. એમાંની એક ટૂંકમાં જોઇએ.

કોઇ એક ગામમાં એક વિધવા ડોશી રહેતા હતા. એમને બે અપરિણીત સંતાન હતા. એક દીકરો, જે ખેતીનાં કામ સંભાળતો અને એક દીકરી જે, માજીને ઘરકામમાં મદદ કરતી. ચરખો પણ એ કાંતી આપતી. ડોશી સવારે બે જાતની રસોઇ કરતી. દીકરી માટે માલમલીદા અને દીકરા માટે રોટલા ને છાશ! ભાઇનું એ ખાવાનુંલઇને છોકરી ખેતરે જતી, જયાં ભાઇ હળ હાંકવામાં જરાક પોરો ખાઇને રોટલા જમવા બેસતો. ત્યારે એકવાર દીકરીથી બોલાઇ ગયું કે મા મને તો માલમલીદા ખવડાવે છે અને તારે માટે આ છાશ રોટલા મોકલે છે. એ રાતે દીકરો ઘરે આવીને માને આ ભેદભાવનું કારણ પૂછ્યું, ત્યારે ડોશીએ કહ્યું કે, 'હળવું કામ તો હળવું છે, પૂણી કાંતતા પ્રાણ જાય છે. દીકરાએ કહ્યું કે 'મા, કાલે ખેતરે ભાત આપવા તમે આવજો. વળતે દિવસે ડોશી ખેતરે ગયાં. એમણે ભાત એક શેઢે ઉતાર્યું. ત્યાં દીકરાએ કહ્યું કે સામે શેઢે લીમડાને છાંયે ભાત ઉતારો. ડોશી ત્યાં ગયાં. દીકરાએ બળદોને હળેથી છોડ્યા અને એક બાળવિયે બાંધ્યા. પછી માજી પાસે જઇને કહ્યું, 'મા! પાણી તો હું પેલે ઉમગશે શેઢે ભૂલી ગયો. જરા લઇ આવો ને! ડોશી પાણી લાવ્યાં તો કહ્યું કે 'પેલે શેઢે બળદ બાંધ્યા છે એમન થોડું ઘાસ નીરી આવશો ને!' આટલું કરતાં તો ડોશી સાવ થાકી ગયા.'

શેઢાના ઘાસમાં આળોટી પડ્યા. દીકરાએ વ્યગમાં કહ્યું, 'કાં, મા? તમે તો કહો છો ને કે હળનું કામ તો હળવું અને પૂણી કાંતતાં પ્રાણ જાય છે. આ ત્રણેય વાર આ શેઢેથી પેલે શેઢે ગયાં ત્યાં તમે થાકી ગયાં. અમે તો આખો દિવસ આ શેઢેથી પેલે શેઢે હળ હાંકીએ છીએ!'

પુરૂષપ્રધાન સંસ્કૃતિએ સર્જેલી આ નમૂનારૂપ કથા છે. એમાં દોષ એ છે કે સ્ત્રીએ જાણે ચરખા પર બેસીને પૂણી જ કાંતવાની હોય! વાસ્તવમાં સ્ત્રી વહેલામાં વહેલી ઊઠીને મોડામાં મોડી સૂએ છે અને એ સમગ્ર સમય દરમિયાન સતત અને સખત કામ કરે છે. નિત્યની રસોઇ, કપડાં, વાસણ, કચરાં ઉપરાંત બાળકોની હજાર જરૂરિયાતોનો સંતોષ, અનાજ, કઠોળ, મસાલા, અથાણાંનાં કામ, કપડાં સાંધવા, પતિને સમય ન મળતો હોય તો બેંકોનાં કામ, છોકરાઓને તૈયાર કરીને નિશાળે મોકલવા, વગેરે એટલા બધાં કામ સ્ત્રી કરે છે. જેની ગણતરી કરવી મુશ્કેલ છે.

સ્ત્રીઓને આ બધાં કામ કરતી આપણે નજરે જોઇએ છીએ. વૈજ્ઞાનિક સંશોધનોથી જણાયું છે કે પુરૂષની સરખામણીએ સ્ત્રી ૪૦ ટકા વધુ મહેનત કરે છે? સ્ત્રી ઘરનાં - પરિવારનાં કામો પાછળ અઠવાડિયે ઓછામાં ઓછાં ૭૨ કલાક ગાળે છે, જયારે પુરૂષ નોકરી-ધંધો જે કાંઇ કરતો હોય ત્યાં અઠવાડિયે ૫૩ કલાક કામ કરે છે. કેટલાક આળસુના પીરો એટલું ય નથી કરતાં અને સ્ત્રી જે કામ કરે છે એનું મૂલ્ય આંકવામાં આવે તો?

આશા રાખીએ કે આપણા પુરૂષવર્ગ આમાંથી કશોક તો સાર ગ્રહણ કરે.